અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૭-૧૮માં ફાળવેલ રૂ.૨૫.૦૦ કરોડની લોન અન્વયે અમલ કરવાની થતી યોજનાઓને વહીવટી મંજુરી આપવા બાબત.....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૭૨૦૧૬/૯૬૩૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૮/૦૬/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

1. વિભાગનો તા:૨૯/૦૪/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ.
2. વિભાગનો તા:૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઇલ)/જ.
3. વિભાગનો તા:૧૬/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઇલ)/જ.
4. નાણા વિભાગનો તા:૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ.
5. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૦૪/૦૯/૨૦૧૭નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૨૦૧૭/૧૨૦૫૬-૫૭.
6. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૬/03/૨૦૧૯નો પત્ર ક્રમાંક:ગુસકાવિનિ/શેરમુડી લોન/૧૦૨૦૧૭/30/પ્રો(૪)/૧૦૫૫૭-૧૦૫૫૮.
7. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગરનો તા:03/03/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ગુસકાવિનિ/શેરમુડી લોન/૧૦૨૦૧૭/30/પ્રો(૪)/૬૧૦૪.

## -:આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા:૨૯/૦૪/૨૦૧૭ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને ૨૦૧૭-૧૮માં સીધા ધીરાણની યોજનાઓના અમલીકરણ માટે લોન પેટે કુલ રૂ.૨૫.૦૦ કરોડ ફાળવવા અંગેની નવી બાબતને વહીવટી મંજુરી આપેલ હતી તેમજ વંચાણે લીધેલ ક્રમ-03 પરના તા:૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવથી વર્ષ:૨૦૧૭-૧૮ની ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની યોજનાઓને મંજુરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૦૫ પરના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરના તા:૦૪/૦૯/૨૦૧૭ના અને ક્રમ-૦૬ અને ક:૦૭ પરના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,

ગાંધીનગરના પત્રોમાં જણાવ્યા મુજબની યોજનાઓ તેમજ અરજદારની પાત્રતા/યોગ્યતા મંજુર કરવા દરખાસ્ત કરેલ છે.

## ઠરાવ:-

(૧) <u>ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ:-</u>

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની યોજનાઓને આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્ર | યોજના | યુનિટ કોસ્ટ | યુનિટ | રાજ્ય સરકારનો ફાળો | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | મહિલા સમૃદ્ધિ | રૂ.૬૦,૦૦૦/- | ૩૦૦ | ૧૦૦% | ૪% |
| ૨ | માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ | રૂ.૬૦,૦૦૦/- | ૩૦૦ | ૧૦૦% | ૫% |
| ૩ | મહિલા અધિકારીતા | રૂ.,૧,૦૦,૦૦૦/- | ૩૦૦ | ૧૦૦% | ૫% |
| ૪ | વ્યક્તિગત લોન | રૂ.૨,૦૦,૦૦૦/- થી રૂ.૧૫,૦૦,૦૦૦/- | ૧૭૦ | ૧૦૦% | ૬% |

**<u>યોજનાઓના લાભ લેવા માટે અરજદાર નીચે જણાવ્યા મુજબની યોગ્યતા/પાત્રતા ધરાવતાં હોવા જોઇએ:-</u>**

1. મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યક્તિઓ આલોન મેળવવાપાત્ર થાય છે.
2. અરજદાર સફાઇ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
3. અરજદારે કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇ પણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
4. બી.પી.એલ./વિધવા/ત્યક્તા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
5. વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ તથા ઓથોરાઇઝડ બેઇઝ ધારણ કરતાં હોવા જરૂરી છે.

(૨) <u>ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા):-</u>

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અજા), ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની યોજનાઓને આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્ર | યોજના | યુનિટ કોસ્ટ | યુનિટ | રાજ્ય સરકારનો ફાળો | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | વિભિન્ન નાના વ્યવસાય માટે સ્ટોલ્સ | રૂ.૬૦,૦૦૦/- થી રૂ.૧,૦૦,૦૦૦/- | ૩૫૦ | મહત્તમ ૧.૦૦ લાખ સુધી | ૬% |
| ૨ | પશુપાલનની યોજના | રૂ.૧,૦૦,૦૦૦/- | ૨૦૦ | ૧.૦૦ લાખ | ૬% |

**<u>યોજનાઓના લાભ લેવા માટે અરજદાર નીચે જણાવ્યા મુજબની યોગ્યતા/પાત્રતા ધરાવતાં હોવા જોઇએ:-</u>**

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના બેરોજગાર હોવા જોઈએ.
2. અરજદારના કુટુંબની કુલ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૯૮,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.
3. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
4. આ યોજનાનો વ્યાજનો દર ૬% રહેશે અને નિયમિત હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨.૫% દંડનીય વ્યાજ લેવા આવશે.
5. આ યોજનાની વસુલાત નિયત કરેલ ૬૦ માસીક હપ્તામાં વ્યાજ સહિત પરત કરવાના રહેશે.
6. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્યએ અગાઉ નિગમ/કોઈપણ સરકારી/ અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલ હોવી જોઈએ નહીં.
7. અરજદાર કે અરજદારના કુટુંબના કોઈ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતાં હોવા જોઈએ નહીં.
8. પશુપાલન માટે અરજી કરનાર અરજદારે બે દુધાળા પશુ(ગાય/ભેંસ) ખરીદ કર્યા બાદ પ્રાથમિક દુધ મંડળીના સભ્ય થવાનું રહેશે અને તે અંગેનો દાખલો રજુ કરવાનો રહેશે.

(3) **<u>નિગમો દ્વારા રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ નીચે મુજબની રહેશે:-</u>**

1. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.
2. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમો દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.
3. નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૮/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
10. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
11. પસંદગી ફાઇલ-૨૦૨૦.